# લાલુને વહાલો લીમડો

લાલુના ગામને પાદર એક લીમડો ઊગી નીકળ્યો. લાલુ રોજ ઘરથી ઘણે દૂર નિશાળે જતો. ખભે દફતર અને લાલુ તો જાય દોડયો. મનમાં ચાંદામામાના અને ચકીબહેનના ગીતો ગણગણતો જાય.

લાલુને વૃક્ષો ખૂબ જ ગમે. રસ્તે આવતા **છોડ**, વૃક્ષો અને ફૂલો જોતો જાય. કોઈ મોટું વૃક્ષ આવે તો એની છાયામાં થોડીવાર ઊભો રહે. વૃક્ષ સાથે થોડી વાતો કરે અને સ્કૂલ ભણી ચાલવા માંડે. ઘેરથી નિશાળે પહોંચે તે દરમિયાન લાલુને ઘણા વૃક્ષો, પક્ષીઓ વગેરેનો સંગાથ થાય.

આમ, રોજ લાલુ ઘેરથી શાળાએ જતો અને શાળાએથી ઘેર આવતો. એક વખત લાલુ દરરોજની જેમ ઘેરથી શાળાએ જતો હતો. દરરોજની ટેવ મુજબ તે પ્રાકૃતિક દૃશ્ય નિહાળતો શાળાએ જતો હતો. અચાનક તેની નજર ઊગી નીકળેલા લીમડા પર પડી. લાલુ ખુશ થઈ ગયો.

બાળ મિત્રો, લાલુએ શું કર્યું તે જાણો છો ? લાલુ ખુબ જ વૃક્ષપ્રેમી હતો, એટલે એને તરત જ લીમડાની ફરતે પાણી સમાય એવો કયારો બનાવ્યો. પછી લાલુએ પોતાના દફતરમાંથી પીવાના પાણીની બોટલ હોય ને ! તે બહાર કાઢી. તમે પણ શાળાએ જતી વખતે સાથે પાણીની બોટલ રાખો છો ને !

લાલુએ બોટલ બહાર કાઢી લીમડાને પાણી પાયું અને પછી મોડો ન પડે માટે દોડતો શાળાએ પહોંચી ગયો.

બાળમિત્રો, તમે સૌ શાળાએ સમયસર તો જાવ છો ને ? પછી તો લાલુને લીમડા સાથે દોસ્તી બંધાઈ ગઈ. રોજ શાળાએ જાય ને પાછો ફરે ત્યારે લીમડાની સંભાળ લેતો. લાલુના લીમડાને કોઈ નુકસાન ન પહોંચાડે એ માટે લાલુ એ શું કર્યું બાળકો ? એણે લીમડાની ચારેય બાજુ કાંટાની વાડ કરી દીધી. પછી તો એ લીમડો ‘લાલુના લીમડા’ તરીકે જ ઓળખાવા લાગ્યો શાળાએ જતાંઆવતાં લીમડાને પાણી પાવું એ લાલુનો રોજનો ક્રમ બની ગયો.

બાળમિત્રો, લાલુની સાથે જે તમારા જેવા નટખટને તોફાની બાળકો હતા ને ! ટીનો ને પીંકી ને ટીંકુ એ સૌ ‘લાલુ અને લીમડા’ની દોસ્તી જાણી ગયા. તેઓ ચીડવીને લાલુને હેરાન કરવા લાગ્યા. તમે પણ તમારા જેવા બાળ મિત્રો સાથે લડો છો ને ? તેમ ?

‘‘લાલુ પેન આપ.’’ નહિ તો લીમડો ઊખાડી નાખીશું લાલુ તો બિચારો લીમડાને બચાવવા પેન આપી દે. હવે તો સૌ માટે લાલુ પાસેથી કંઈકને કંઈક પડાવવું હોય કે લાલુ પાસે કંઈ કામ કરાવવું હોય એ રમતવાત બની ગઈ. બસ એટલું જ કહે લીમડો ઊખેડી નાંખીશું.



આમ, કરતાં-કરતાં તો બે વર્ષમાં લીમડો મોટું વૃક્ષ બની ગયું. બાળકો,એ લીમડા પર પછી તો ઘણા પક્ષીઓ રહેવા લાગ્યા. મધમાખીઓએ પણ લીમડા પર સુંદર મધપૂડો બનાવ્યો. મધપૂડો એટલે મધમાખીનું ઘર. જેમાંથી મીઠું-મીઠું મધ મળે. તમને મધ ભાવેને બાળકો ? લાલુને સૌ સાથે દોસ્તી થઈ ગઈ.

હવે તો લીમડો મોટો થઈ ગયો એટલે પાણી પણ વધારે જોઈએ ને ! લાલુ તો રોજ સવારે વહેલો ઊઠી જાય એક મોટા વાસણમાં લીમડા માટે અને પક્ષીઓ માટે પાણી લઈ અને ચણ લઈ લીમડે પહોંચી જાય. જાણો છો ને બાળકો ? પક્ષીઓને ખાલી પાણીથી ન ચાલે દાણા પણ ચણવા આપવા પડે. તમે સૌ પક્ષીઓને દાણા નાખો છો ને ?  ન નાખતા હોય તો નાખજો **હોં** !

લાલુ પહેલા લીમડાને થડે પાણી રેડે પછી લીમડાની ડાળીએ બાંધેલા કૂંડામાં પક્ષીઓ માટે પાણી રેડે. હોંશથી દાણા નાંખતો જાય ને ગાતો જાય – ‘‘આવો પારેવા, આવોને ચકલા ચોકમાં દાણાં નાંખ્યા છે.’’ આ જ લાલુનો રોજનો ક્રમ બની ગયો.

લાલુને લીમડા વગર અને લીમડાને લાલુ વગર ન ગમે. લાલુ લીમડાને જોઈને રાજી-રાજી થઈ જાય. અને લીમડો લાલુને જોઈને રાજી થાય.

પણ, હજુ તોફાની બાળકોએ લાલુને હેરાન કરવાનું છોડયું ન હતું. એકવાર બધાં છોકરાઓએ લાલુને કહ્યું – ‘લાલુ, તારી પાસે જે સ્વાદિષ્ટ પરોઠા છે ને એ અમને આપી દે **નહીં** તો અમે બધા મળીને લીમડો કાપી નાખીશું.’ બિચારો લાલુ ભૂખ્યો રહ્યો ને પરોઠા આપી દીધા.

લાલુ શાળાએથી ઘેર આવતો હતો પણ ભૂખને લીધે માંડ-માંડ ચાલી રહ્યો હતો. વચ્ચે લાલુનો લીમડો આવ્યો એટલે લાલુ ત્યાં થાક ખાવા બેઠો. લાલુને કકડીને ભૂખ લાગી હતી એટલે તે રડવા લાગ્યો. લીમડા પરથી મધમાખી નીચે આવી ને લાલુને પૂછવા લાગી. લાલુભાઈ કેમ રડો છો ? લાલુ કહે મને ખૂબ જ ભૂખ લાગી છે. મધમાખી કહે લાલુભાઈ તમારી મમ્મીએ નાસ્તો નોતો આપ્યો ?

લાલુએ બધી જ વાત મધમાખીને કહી. મધમાખી કહે લાલુભાઈ રડશો નહી. તમને ભૂખ લાગી છે ને તો હું મધ આપું. લાલુએ ધરાઈને મધ ખાધું. પછી તો લાલુ અંધારું થાય એ પહેલા દોડતો ઘરે પહોંચી ગયો.

બાળકો લાલુ પરોપકારી હતો. એટલે બીજે દિવસે જ્યારે તે લીમડાને પાણી પાવા, પક્ષીઓને ચણ નાખવા ગયો ત્યારે મધમાખી માટે ગોળ પણ લઈ ગયો. લાલુની આવી સારી ભાવના જોઈ મધમાખી તો ખુશ થઈ ગઈ. પછી તો લાલુ ચણ અને પાણી સાથે મધમાખી માટે ગોળ પણ લઈ જતો. થોડા સમય પછી લાલુના લીમડામાં લૂમે-લૂમે લીંબોળી પાકી. ટીંકુ ને પીંકુ કે જે લાલુને હેરાન કરતા હતા ને એ સૌએ પણ શાળાએથી પાછા ફરતી વખતે લીંબોળી જોઈ. એ બધાંને લીંબોળી ખાવાનું મન થયું. લીંબોળી લેવા ગયા કે તરત જ મધમાખીઓએ આક્રમણ કર્યું. હાથે ને મોઢે બધાને કરડવા લાગી. લીમડાએ પણ પોતાની ડાળો ઊંચી કરી લીધી. તે બધાંએ વિચાર્યું કે લાલિયાને બરાબર લાગમાં લઈ શકાય એમ છે એને જ લીંબોળી લેવા મોકલીએ ભલે ને મધમાખી કરડે.

ત્યાં તો લાલુ પણ આવતો દેખાયો એ તો એકસાથે સૌ બોલી ઊઠ્યા. એય લાલુ, ઊભો રહે – 'આ લીંબોળી ઉતારી આપ.' નહિતો અમે તારો લીમડો કાપી નાખીશું. લાલુ તો તરત જ લીંબોળી ઉતારવા માટે લીમડા પર ચડયો. ટીંકુ ને પીંકુ અંદરો અંદર હસવા લાગ્યા. એને એમ કે હમણાં મધમાખીઓ લાલુને કરડશે. પણ, બાળમિત્રો ધાર્યું હતું તેનાથી ઉલટું જ થયું.

લાલુ તો લીંબોળી ઉતારી–ઉતારીને ખાતો જાય અને નીચે ઊભેલા સૌ માટે પણ નીચે લીંબોળી નાંખતો જાય. પણ, જેવી લીંબોળી ટીંકુ ને પીંકુ ખાવા જાય કે તરત જ મધમાખીઓએ કરડવાનું શરૂ કરી દીધું એ સૌને પોતપોતાની ભૂલ સમજાણી કે આ લાલુને હેરાન કરવાની જ સજા છે.

સૌએ લાલુની માફી, માગી પેટ ભરીને લીંબોળી ખાધી. સૌએ સાથે મળીને વૃક્ષો વાવવા અને ઉછેરવાનો સંકલ્પ કર્યો.

■